# અરવલ્લી જીલ્લામાં ગરમીનું મોજુ યથાવત

## તાપમાન ૪૨.૫ ડિગ્રી : ગરમીના પ્રકોપથી ધંધા-રોજગાર ઠપ્પ

આજે સવાર થી જ અસહ્ય બફારો અને બપોર બાદ આકાશમાંથી અંગારા વછુટતા હોય તે રીતે ગરમીનો પ્રકોપ ઉતરી આવતા પ્રજા હેબતાઈ ગઈ હતી અરવલ્લી જીલ્લા ના મોડાસા માં ગરમીનો પારો વધી રહ્યો છે લમણા સેકી નાખતી ગરમીથી પ્રજા તોબાહ પોકારતી જોવા મળી હતી જયારે આ ગરમીથી પશુ પક્ષી ને હાલત કફોડી બની હતી અને ગરમી થી બચવા માટે લોકો એ ઘરમાંી નીકળવાનું ટાળ્યું હતું .

અરવલ્લી જીલ્લામાં છેલ્લા ગના દિવસથી ગરમીનો પારો ખુબજ વધી રહ્યો છે ત્યારે આજ રોજ ગરમીનું પ્રમાણ ઉપર રહ્યું હતું જેથી જીલ્લા ના પ્રજાજનો ગરમીમાં શેકાયા હતા અને ગરમીથી બચવા માટે ના ઉપાયો શોધી રહ્યા હતા હતું. પશુપક્ષી પણ વિહાર કરતા જણાતા નહતા વિદ્યાર્થી ઓ પણ મોઢે કપડું વીંટી ગોગલ્સ પહેરી ઠંડા આહારો નું સેવન કરતા નજરે પડ્યા હતા છે સમગ્ર જીલ્લામાં હીટવેવ ની અસર જોવા મળી હતી



હવામાન ખાતા ની આગાહી મુજબ જીલ્લામાં હજુ પણ ગરમી વધવાની શક્યતા રહેલી છે

મોડાસામાં ગરમીનું પ્રમાણ ખુબજ વધી ગયું તથા ટોપી ને ગોગલ્સ સહારો લેવો પડે છે જો આજ રીતે ગરમીનું પ્રમાણ વધતું રહેશે તો હજુ લોકો હેરાન પરેશાન થશે અને ખાસ કરી ને મહિલા ઓ એ આ ગરમી ને સામે ઘર મ થી નીકળવાનું ટાળ્યું હતું અને ગરમી થી બચાવ માટે ના ઉપાયો શોધી રહય હતા. જયારે આરોગ્ય વિભાગ ધ્વારા લોકો ને ગરમીથી બચવા માટે નાં ઉપાય સુચવામાં આવી રહ્યા છે.

ગરમીનો પ્રકોપ છેલ્લા ગના



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગરમીનાના કારણે જાડા ઉલટી તેમજ ડીહાઈડ્રેસન ના લોકો ભોગ બન્યા હોવાનું જાણવા મળેલ છે સાથે સાથે લગ્ન સરની જામેલી સીજન માં પણ લોકો ની પંખી હાજરી જોવા મળી રહે છે અને આવનાર દિવસો માં હજુ હિટ વેવ ચાલુ રહશે તેમ હવામાન વિભાગ એ જણાવ્યું હતુ. આવનાર દિવસો માં ગરમી હજુ ચાલુ રહશે. વાતાવરણમાં સવારથીજ હીટવેવ ની અસર વર્તવા લાગી હતી મોડાસા શહેરમાં હવામાન ખાતા ના જણાવ્યા મુજબ ગરમીનું પ્રમાણ વધવાની શક્યતા દર્શાવી રહ્યા છે તેની સાથે પ્રજાજનો એ ઘરમાંથી બહાર નીકળવાનું ટાળ્યું ગરમીથી રક્ષણ મેળવતા હતા ભર દિવસે કર્ફ્યું જેવો માહોલ જાણતો હતો વેપાર ધંધા પર પણ ગરમીની અસર વર્તાતી હતી મજુર વર્ગ ને પણ ગરમી જાણે રોજગારી સામે દુશ્મન થઈ આવી હોય તેમ લાગતું હતું ગરમીથી રક્ષણ મેળવવા લોકો ઠંડા પીણા તથા ઠંડા તડબુચ વગેરે છે ઘરમાંથી બહાર નીકળવું મુસ્કેલ બન્યું છે ત્યારે શાળાકોલેજો માં ભણતી વિદ્યાર્થીનીઓ,ગૃહિણીઓ મો ઉપરની સ્કીન ગરમીથી દાઝી ન જાય તે માટે મો ઉપર દુપટ્ટો બાંધવો પડે છે ગોગલ્સ પહેરવા પડે છે અને બીજી તરફ વૃદ્ધ વ્યક્તિઓ ને બપોરને સમયે માથા ઉપર રૂમાલ દિવસ થી માજા મૂકી ગયો છે ત્યારે સવથી વધુ કફોડી હાલત અબોલ પશુ અઓની થઈ રહી છે એક તરફ લગ્ન સરની મોસમ પણ ખીલી ઉઠી છે ત્યારે આ ગરમી એ લોકો ને ના છુટકે બહાર નીકળવા માટે પણ જાણે કે બાનમાં લઈ લીધા છે

# મોડાસામાં કોન્સ્ટેબલનો માણસ લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

## ડીટેઈન કરેલી ગાડી છોડાવવાના કેસમાં લાંચની માંગણી કરી હતી : મુખ્ય આરોપી રૂરલ પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ ફરાર

મોડાસા, તા.૧૯

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમગ્ર દેશ માં થી ભ્રષ્ટ્રાચાર નાબુદ કરવાની વાતો કરી રહયા છે ત્યારે ગુજરાત રાજય માં દિવસે ને દીવસે એસીબી ની ટ્રેપો માં વધારો થતો જાય છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસ ના સમય ગાળા માં અરવલ્લી જીલ્લા માં લાચ માંગવાનો આ બીજો કેસ માં ફરીયાદી ની ફરીયાદ ના અધારે એસીબી ધ્વારા આ બીજો કેસ નોધાયો છે જેમાંમુખ્ય આરોપી ફરાર છે જયારે આરોપીકોન્સ્ટેબલ વતી લેતીદેતી કરતો વચેટીયો આજે એસબી ના હાથે રંગેહાથે રૂપિયા ૧૦૦૦ હજાર ની લાંચ લેતા ઝડપાઈ ગયો હતા

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર તલોદ ના રહેવાસી ભરતસિંહ ઝાલા ની ફરીયાદ ના આધારે આજે એસબી એ ટ્રેપ કરી ને કોન્સટેબલ વતી તેનો વચેટીયો ૧૦૦૦ રૂપીયાની લાંચ લેતા ઝડપાઈ જતાં ભ્રષ્ટ્રાચાર કરનારા ભુર્ગભ માં ઉતરી ગયા છે. થોડાક દિવસ અગાઉ ભરતસિંહ ઝાલા ની કરુસર જીપ મોડાસા રૂરલ પોલીસ ધ્વારા ડીટેઈન કરવામાં આવી હતી અને ગાડી ફીટેઈન કરતી વખતે પોલીસ ધ્વારા આરસીબુક પણ જપ્ત કરી લેવામાં આવી હતી ત્યારે આ કેસ માં આરટીઓ નો મેમો દંડ ભરીને અને આરસીબુક આપવા માટે કોન્સટેબલ અનીલકુમાર ધ્વારા ૧૦૦૦ રૂપીયાની માંગણી ભરતસિંહ જોડે કરવામાં આવી હતી તેથી ભરતસિંહે આ કોન્સ્ટેબલ ને સબક શીખવાડવાનુ નકકી કર્યુ હતુ અને કોન્સ્ટેબલે પોતાના વચેટીયા એવા મોડાસા સહયોગ ચોકડી નજીક ચીરાગ પકોડી ની લારી ચલાવતા ચંન્દ્રેશ હરેશભાઈ ડામોર ને ત્યાં આ ૧૦૦૦ રૂપીયા પહોચાડવાનુ કહેવામાં આવ્યુ હતુ જે આજ રોજ આ ફરીયાદી ધ્વારા એસીબે એ ગોઠવેલા છટકા ના અધારે આ પકોડી વાળા ને આ ૧૦૦૦ રૂપીયાની લાંભ લેતા રંગેહાથે ઝડપી પાડયો હતો જયારે મુખ્યસુત્રધાર કોન્સ્ટેબલ આ ઘટનાની જાણ થતાં જ ફરાર થઈ ગયો હતો જયારે આ અંગે એસીબી પીઆઈ જે આર વાઘેલા એ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસા શહેરમાં અપહરણની બે ઘટનાઓ અંગે શહેરમાં તરહ-તરહની ચર્ચાઓ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે આખા દિવસભર શહેરમાંથી બે વ્યક્તિઓના અપહરણ થયાની ઘટનાઓ ઘટી હોવા અંગેના રહેણાંક સોસાયટીમાં આજે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ રૂપિયાની લેતીદેતી અંગે કેટલાક શખ્સોએ એક આધેડ વ્યક્તિને ઘરમાંથી ઉઠાવી જતાં સોસાયટીમાં દેકારો મચી ગયો હતો. બોલેરો જીપ કાર (નંબર પ્લેટ વગરની)માં એસીબીની ટીમ દ્વારા તરૂણને અરવલ્લી એસીબીની ઓફિસે લઈ જવામાં આવતા એસીબીની ટ્રેપથી અજાણ સહયોગ



સમાચારથી શહેરના નગરજનોમાં ભય ફેલાયો હતો. આજે બપોરે ૧૨ થી ૧૨.૩૦ જેટલા અડધા કલાકના સમયમાં મોડાસાના માલપુર રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીકની એક સોસાયટીમાંથી આધેડ વ્યક્તિના અપહરણ અને સહયોગ ચોકડી નજીક દાબેલીની લારી ચલાવતા યુવકના અપહરણ થયાના સમાચાર શહેરાં અને અરવલ્લી જિલ્લામાં વાયુવેગે પ્રસરતા મોડાસા શહેરનાલોકોમાં ફફડાટ ફેલાયો હતો પરંતુ ?

મોડાસા શહેરના માલપુર રોડ પર બાયપાસ રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીકની એક જે અંગે અપહ્યુત આધેડના પુત્રએ મોડાસા ટાઉન પોલીસનો સંપર્ક સાધી ઘટના અંગે જાણ કરતાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરી તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પરંતુ આ તેમનો અંદર અંદરનો રૂપિયાની લેતીદેતીનો પ્રશ્ન હોવાથી અને અપહરણ ન હોવાથી મોડાસા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

જ્યારે અન્ય એક કિસ્સામાં એસીબીએ ટ્રેપ કરી લાંચ સ્વીકારવાના ગુન્હામાં મોડાસા સહયોગ ચોકડી નજીક ચિરાગ દાબેલી ચલાવતા એક તરૂણની ધરપકડ કરી તુફાનગાડી (જીજે-૯-બીસી-૬૦૮૩) અને ચોકડી નજીકના કોમ્પલેક્ષમાં દુકાનદારો અને આજુબાજુની સોસાયટીના રહીશો તરૂણનુ અપહરણ થયાનુ જાણી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને લોકોએ શહેરમાં આ બન્ને ઘટના અંગે તરહ-તરહની ચર્ચાએ જોર પકડતાં નગરજનોમાં ગભરાટ ફેલાયો હતો. પરંતુ ત્યાર બાદ મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરતાં એસીબીએ ટ્રેપ કર્યાની ઘટના જણાવતા ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જ્યારે યુવકના માતા-પિતાએ રડારડ કરી મુકતા થોડાક સમય માટે ઘટનાસ્થળે ગમગીની છવાઈ હતી.

# ઊંઝા બી.એસ.એન.એલ. અનલિમિટેડ મફત કોલ સુવિધા મામલે ગ્રાહકો મુઝવણમાં

ઊંઝા, તા. ૧૯

ભારત સંચાર નિગમ લિમિટેડ બી.એસ.એન.એલ. દ્વારા લેન્ડલાઈન ફોનના ઘટી ગયેલ જોડાણને વધારવા માટે ગત ૧લી મે થી લેન્ડલાઈન ફોન ઉપર રાતના સમયે શરૂ કરેલ અનલિમિટેડ મફત કોલની સુવિધા શરૂ કરાયેલ છે, પરંતુ આ સુવિધા અંગે લેન્ડ લાઈન ફોન ધારકોને બી. એસ.એન.એલ. તરફથી સમજ આપવામાં આવી ન હોઈ ફોન ધારકો મુંઝવણમાં મુકાયા છે.

કેન્દ્ર સરકાર હસ્તકની સૌથી મોટી ફોન કંપની બી. એસ. એન. એલ.ના લેન્ડ લાઈન ફોનના ઘણા જોડાણો બંધ થઈ ગયા છે. જેથી લેન્ડલાઈન ફોનને ફરી વેગ આપવાના આશયથી બી. એસ. એન. એલ. દ્વારા ગત તા. ૧લી મે થી લેન્ડલાઈન ફોન ધરાવતા ગ્રાહકો માટે રાત્રીના નવ વાગ્યાથી સવારના સાત વાગ્યા સુધી સમગ્ર દેશભરના કોઈપણ મોબાઈલ કે લેન્ડલાઈન ફોન પર અમર્યાદિત મફત કોલ કરવાની યોજના અમલમાં મુકી છે.

આ સુવિધા રૂરલ તેમજ અર્બન વિસ્તારોમાં કયો પ્લાન ધરાવતા લેન્ડલાઈન ફોન ધારકોને મળી શકશે? તે બાબતે બી. એસ. એન. એલ. તરફથી કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરિણામે લેન્ડલાઈન ફોન ધારકો અવઢવમાં મુકાયા છે. આ બાબતે બી. એસ. એન. એલ.ના ગ્રાહકો સેવા કેન્દ્રો પરથી પણ ગ્રાહકોને આ યોજના સંબંધી યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. જેથી લેન્ડલાઈન ફોન ધારકો રાત્રીના સમયે શરૂ થયેલ આ યોજનાનો લાભ મેળવવા દ્વિધા અનુભવી રહ્યા છે.

આ બાબતે મહેસાણા જિલ્લા બી. એસ. એન. એલ.ના સત્તાધિશોએ સત્વરે લેન્ડલાઈન ફોન ધારકોને આ યોજના વિશેની પુરી જાણકારી આપવી જરૂરી બન્યુ છે.

હાલ લેન્ડલાઈન ફોન ધારકોમાં એવી દહેશત છે કે રાત્રીના સમયે ફોન કરીએ અને વધુ બિલ આવે તો ફોનનું જોડાણ બંધ કરાવવાની ફરજ પડે તેવું સમજી રહ્યા છે. આ અંગે ટેલીફોન વિભાગ દ્વારા યોગ્ય સમજણ આપવી જોઈએ તેવું ગ્રાહકો ઈચ્છે છે.

# ઊંઝા-ઉનાવા માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે વૃધ્ધ પદયાત્રીનું મોત

ઊંઝા, તા. ૧૯

આજે વહેલી સવારે ઊંઝા-ઉનાવા વચ્ચે હાઈવે પર પગપાળા સંઘમાં જતા એક વૃધ્ધ પદયાત્રીને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતુ.

વિગત એવી છે કે, મહેસાણા તાલુકાના ટુંડાલી ગામના વતની અને હાલ અમદાવાદ રાણીપમાં રહેતા રૂગનાથભાઈ ગગાભાઈ રબારી ઉ.વ. ૬૫ પગપાળા સંઘમાં સિધ્ધપુર ગોગામહારાજના મંદિરે જવા નીકળ્યા હતા. ત્યારે માર્ગમાં ઊંઝા-ઉનાવા વચ્ચે વહેલી સવારે હાઈવે પરથી પસાર થતાં કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# સમૃદ્ધ કરતા સંસ્કારો વધુ મુલ્યવાન છે : લાલજી મહારાજ

મોડાસા, તા. ૧૯

આજના કળયુગમાં સુખ, વૈભવ અને સમૃદ્ધિના સાધનો ભલે વધ્યા હોય પણ સંસ્કારો તેનાથી પણ વધુ મુલ્યવાન છે. સંસ્કાર, વિવેક અને શિક્ષણ જ્ઞાન થકી જ સુચારૂ પ્રગતિ શક્ય છે. અને આથી જ સુખ શાંતિ પ્રાપ્ત થશે.

મોટી ઈસરોલમાં શનિવારની ગત રાત્રીએ વક્તાપુર નીવાસી સંત લાલજી મહારાજે સત્સંગ આખ્યાન કર્યુ હતુ. જેમાં ગૌચરો બચાવીએ ગૌચરો નામશેષ બની રહ્યા છે તેની કામગીરી સંયુક્ત રૂપે સૌ કોઈ કરીએ અને કોઈપણ પ્રકારના વ્યસનોથી મુક્ત રહીએ તો સમાજ સુરક્ષીત આરોગ્યપ્રદ અને તેજસ્વી બનશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પુ. હિરાદાદા સહિત અને ભાવિકો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અલવા ગામ નજીક ઈન્ડીકા અને મારૂતિવાન વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૨ના મોત



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ, તા.૧૯

અરવલ્લી જિલ્લામાં યમરાજાએ પડાવ નાંખ્યો હોય તેમ અકસ્માત ઘટનાઓમાં મોત નિપજવાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે. હમણાં ગુરુવારે અકસ્માતમાં ૧૦ લોકોના મૃત્યુ નિપજવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં આજે બપોરે બાયડ નજીક અલવા ગામ પાસે ઈન્ડીકા કાર અને મારૂતિવાન વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત નિપજયા હતા.

બાયડ તાલુકાના અલવા ગામ નજીક આજે વધુ એક ગોઝારી ઘટના બનતા મારૂતિવાન અને ઈન્ડિકા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોના મોત નિપજયા હતા. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર બાયડ તરફથી ધનસુરા જઈ રહેલી ઈન્ડીકા કાર (નં. જીજે-૨ એસી ૫૭૪૩)ના ચાલકે આગળ જઈ રહેલા વાહનને ઓવરટેઈક કરવા જતાં ધનસુરા તરફથી આવી રહેલી મારૂતિવાનને ટકકર મારતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે વ્યકિતઓના મોત નિપજયા હતા. અકસ્માતની જાણ બાયડ પોલીસ સ્ટેશનને થતાં બાયડ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. દેસાઈએ ઘટના સ્થળે પહોંચી અકસ્માતની સાચી હકીકત જાણવા ચક્રો ગતિમાન કર્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલિસ ફરિયાદ થઈ નથી.

# આજે બાયસેગ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન અપાશે

પાલનપુર, તા. ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૫ દરમ્યાન લેવાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓના પરિણામો મે માસના અંત સુધીમાં જાહેર થનાર છે. પરિણામના અનુસંધાને વિદ્યાર્થીઓ અને વાલીઓને કારકિર્દી અંગે અને ભાવિ ઘડતર અંગે માર્ગદર્શન આપવા માટે બાયસેગના માધ્યમથી સેટેલાઈટ પ્રસારણ દ્વારા તા. ૨૦-૫-૨૦૧૫ના રોજ બપોરના ૧૨.૦૦ થી ૧૪.૦૦ કલાક દરમ્યાન કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રી, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી તેમજ અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ પ્રેરક ઉદ્‌બોધન કરશે. તેમજ કારકિર્દી માર્ગદર્શન જાણીતા યુવા લેખક શ્રી જય વસાવડા અને શ્રી ભદ્રાયુ વચ્છરાજાની આપશે. જેમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો અંગે જાણકારી અપાશે. આ કાર્યક્રમના પ્રસારણમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓને પોતાની સંબંધિત શાળામાં હાજર રહી પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે.

# રાષ્ટ્રીય અનુ. જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમાર આજે પાલનપુરની મુલાકાતે

પાલનપુર, તા. ૧૯

રાષ્ટ્રીય અનુ. જાતિ આયોગ નવી દિલ્હીના સભ્યશ્રી રાજુભાઈ પરમાર તા. ૨૦-૫-૨૦૧૫ના રોજ બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન ૧૦.૩૦ કલાકે સર્કીટહાઉસ પાલનપુર ખાતે અનુસૂચિત જાતિના અત્રેથી આમંત્રિત દલિત આગેવાનો, સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ અનુ. જાતિના ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યું છે. તેમ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી પાલનપુર, બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સિનિયર સિટિઝન ફેડરેશન સંઘની વાર્ષિક બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સિનિયર સીટીઝન ફેડરેશન હિંમતનગર સંઘની વાર્ષિક સભા યોજવામાં આવી હતી.

સંઘની આ બેઠકમાં ખેડબ્રહ્મા શહેરના સિનિયર સિટિઝન મંડળના પ્રમુખ કીર્તિકુમાર જોષીની સંઘના ઉપ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા શહેરનું ગૌરવ વધારવા બદલ શહેરી જનો અને સ્નેહીજનો એ આનંદની લાગણી વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ભી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

# બનાસકાંઠા માહિતી ખાતાના કર્મચારી જીતુભાઈ જોષીનું અકાળે દુઃખદ અવસાન

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વગદા ગામના વતની અને જિલ્લા માહિતી કચેરી, પાટણ ખાતે જુ. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી જીતુભાઈ જોષીનું આકસ્મિક અવસાન થયું છે. બે દિવસ પહેલાં તેમને અચાનક પેટમાં દુઃખાવો ઉપડતાં અમદાવાદ કાયઝન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને આંતરડાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આજે સવારે ૭.૦૦ વાગે હોસ્પિટલમાં તેમનું નિધન થયું હતું. આ કરૂણ સમાચાર સાંભળતા જ સ્વ. શ્રી જોષીના પરિવારજનો, સગાસંબંધીઓ અને મિત્રોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. સ્વ. શ્રી જીતુભાઈ જોષીએ અગાઉ ડાકોર, ગાંધીનગર, અંબાજી અને પાલનપુર જિલ્લા માહિતી કચેરીમાં ખુબ સારી સેવાઓ આપી તેમના હસમુખા સ્વભાવથી સહકર્મીઓ અને પત્રકાર મિત્રોને અનેરો પ્રેમ સંપાદન કર્યો હતો. ૩૫ વર્ષના યુવાનકાળે વસમી વિદાય થતાં તેમના ગામ વગદા, સગાસંબંધીઓ અને રાજ્યના માહિતી પરિવારમાં ઘેરા આઘાત અને દુઃખની લાગણી પ્રસરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ

(૨) સર્વિસ ગ્રીસીંગ

(૩) મીકેનીકલ રીપેરીંગ

(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ

(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ

(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦